Accredited Grade "A" by NAAC
(3rd Cycle)

# સૌરાષ્ટ્ર યુનિવર્સિટી

પદવી વિભાગ (પરીક્ષા – ૫), યુનિવર્સિટી કેમ્પસ, યુનિવર્સિટી રોડ, રાજકોટ – ૩૬૦૦૦૫
ફોન નં. : (૦૨૮૧) ૨૫૭૬૫૧૧ એક્સટે. નં. ૭૬૧,૭૭૧./ ફેક્સ નં. : (૦૨૮૧) ૨૫૮૬૪૧૧
ઈ-મેઈલ : exam05@sauuni.ac.in

પરીપત્ર :-

આથી યુનિવર્સિટી કાર્યાલયના દરેક વિભાગના વડાઓ,અનુસ્નાતક ભવનના અધ્યક્ષશ્રીઓ, કોમ્પ્યુટર સેન્ટરના વડા, ગ્રંથાલયના વડા તથા આરોગ્ય કેન્દ્રના વડા, યુનિવર્સિટી સંલગ્ન કોલેજો, માન્ય સંસ્થાઓના વડાઓને જણાવવામાં આવે છે કે, સને ૨૦૦૪ પહેલાના તથા એક્સ્ટર્નલ અભ્યાસક્રમોની ડીગ્રી/ડીપ્લોમાં (ફાઈનલ) પરીક્ષામાં ઉતીર્ણ થયેલ વિધાર્થીઓને આગામી માર્ચ/એપ્રિલ - ૨૦૨૧ ની સેનેટ સભા/પદવીદાન સમારંભમાં પદવીઓ/ડિપ્લોમાં એનાયત કરવાના થાય છે. તેથી જે વિદ્યાર્થીઓ પદવી મેળવવા ઈચ્છા ધરાવતા હોય તેવા વિદ્યાર્થીઓએ **તા.૦૧-૧૨-૨૦૨૦ થી તા.૧૫-૦૧-૨૦૨૧ સુધી નિયત ફી રૂ.૧૨૫/- અને તા.૧૬-૦૧-૨૦૨૧ થી તા.૩૧-૦૧-૨૦૨૧ સુધી (ફી રૂ.૧૨૫/- + દંડાત્મક ફી રૂ.૨૫૦/- = કુલ રૂ.૩૭૫/-)** સાથે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની નીચે દર્શાવેલ વેબસાઈટ પરથી ઓનલાઈન આવેદનપત્ર ભરવાના રહેશે.

1.www.saurashtrauniversity.edu - Online Degree Form 2.http://degree.saurashtrauniversity.edu

જે વિધાર્થીઓ આવેદનપત્ર ભરશે તેમણે સુચનાઓ પ્રમાણે Online Payment Gateway દ્વારા Credit/Debit Card અથવા Net Banking થી ફી ભરવાની રહેશે.

૧. સને ૨૦૦૪ અને તે પછીના જે વિદ્યાર્થીઓના પરિણામ કોઈ કારણોસર મોડા જાહેર થયેલ તેવા વિધાર્થીઓ પદવી/ડિપ્લોમાં મેળવવા ઈચ્છતા હોય તેવા વિદ્યાર્થીઓએ ઉપરોક્ત સમય ગાળા દરમ્યાન યુનિ. ખાતે પરીક્ષા વિભાગમાં રૂબરૂ ફોર્મ ભર્યા બાદ પરીક્ષા પદવી વિભાગમાં રૂબરૂ ચકાસણી કર્યા બાદ જો ફી જમા કરાવેલ ન હોય તો તેવા વિદ્યાર્થીઓએ કેશ વિભાગમાં (બીજા અને ચોથા શનિવાર તથા જાહેર રજા સિવાય ફી ભરવાનો સમય ૧૧ થી ૨ સુધી) પદવી ફી જમા કરાવવાની રહેશે.

૨:૧ જે કોઈ વિદ્યાર્થીઓને અસલ પદવી પ્રમાણપત્રમાં સુધારો કરવાનો થતો હોય ત્યારે તેવા વિદ્યાર્થીને મળેલ પદવી પ્રમાણપત્રમાં જણાવ્યા અન્વયેની સેનેટસભા તારીખ થી છ મહીના સુધીનો સમયગાળો પૂર્ણ થયેલ ન હોય તેવા વિદ્યાર્થીઓએ સુધારો કરાવેલ માર્કશીટની ઝેરોક્ષ અને અસલ પદવી પ્રમાણપત્ર સામેલ રાખી પરીક્ષા પદવી વિભાગમાં જમા કરાવવાનું રહેશે અને તેવા વિધાર્થીઓએ પદવી ફી તથા ઓનલાઈન આવેદનપત્ર ભરવાનું રહશે નહી.

૨:૨ જે કોઈ વિદ્યાર્થીઓને અગાઉ મેળવેલ પદવી પ્રમાણપત્રમાં જણાવ્યા અન્વયેની સેનેટસભા તારીખથી છ મહીના સુધીનો સમયગાળો પૂર્ણ થયેલ હોય અને પદવી પ્રમાણપત્રમાં ભુલ આવેલ હોય તેવા વિદ્યાર્થીએ પણ આવેદનપત્ર ઉપરોક્ત સમય ગાળા પ્રમાણે રૂબરૂમાં ભરી તેની સાથે સુધારો કરાવેલ માર્કશીટની ઝેરોક્ષ કોપી અને અસલ પદવી પ્રમાણપત્ર બિડાણ સાથે પરીક્ષા પદવી વિભાગમાં રૂબરૂ ચકાસણી કર્યા બાદ પદવી આવેદનપત્ર માન્ય રહેશે તો તેવા વિધાર્થીઓએ કેશ વિભાગમાં (બીજા અને ચોથા શનિવાર તથા જાહેર રજા સિવાય ફી ભરવાનો સમય ૧૧ થી ૨ સુધી) પદવી ફી જમા કરાવવાની રહેશે.

૩. ડિગ્રી કક્ષાઓની એક્સ્ટર્નલ પરીક્ષાઓના ઉર્તીણ થયેલ વિદ્યાર્થીઓએ પરીક્ષા ફોર્મ ભરવાની સાથે પદવીફોર્મ આવેદનપત્ર અને નિયત થયેલી ફી રૂ.૧૨૫/- ઓનલાઈન ભરી હોય તો આવા વિધાર્થીઓએ ફોર્મ ભરવાના રહેશે નહી પંરતુ વિધાર્થી પાસે આધાર હોવો ફરજીયાત છે.
૪. ઓનલાઈન ફોર્મ ભરવાની માર્ગદર્શિકા અને નિયમો વેબસાઈટ પરથી મળી શકશે.

પરિક્ષા નિયામક

નં.પરીક્ષા/૫/કોન્વોકેશન/૯૨૫/૨૦૨૦
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.યુનિવર્સિટી કેમ્પસ.
યુનિવર્સિટી રોડ.રાજકોટ - ૩૬૦ ૦૦૫.
તા. ૨૪/૧૧/૨૦૨૦

પ્રતિ.
૧. **યુનિવર્સિટી ભવન / કેન્દ્રના વડાઓ,**
૨. **યુનિવર્સિટી સંચાલિત અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર-ઇન-ચાર્જશ્રીઓ,**
૩. **યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ તથા માન્ય સંસ્થાઓના વડાઓ,**

નકલ સવિનય રવાના ::
૧. ગુજરાત રાજ્યમાં આવેલી **યુનિવર્સિટીઓના માન.કુલસચિવશ્રી ,.......જાણ અર્થે,**
૨. માનનીય કુલપતિશ્રીના અંગત સચિવશ્રી,સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,રાજકોટ
૩. માનનીય ઉપકુલપતિશ્રીના અંગત સચિવશ્રી,સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,રાજકોટ
૪. માનનીય કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી,સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,રાજકોટ
૫. એકેડેમીક ઓફિસરશ્રી ,સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,રાજકોટ ૬. મુખ્ય હિસાબનીશશ્રી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.રાજકોટ
૭. કેશ વિભાગ, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.રાજકોટ ૮. વિદ્યાર્થી કલ્યાણ અધિકારીશ્રી, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી.રાજકોટ
૯. વિભાગીય અધિકારીશ્રી,પરીક્ષા - ૧-૨-૩ અને ૪ વિભાગ, તથા કોમ્પ્યુટર (પરીક્ષા) વિભાગ, એક્સ્ટર્નલ વિભાગ